૧૯૩૦

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

**–: પ્રેસનોટ :–**

**સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭(જીઆવ–સોનારી–ગભેણી) માં આવેલ પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીના પ્લોટ નં.૪,૫,૬ માંથી આશરે ૧૫૦ ચો.ફુટ. માપ વિસ્તારમાંથી આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.....૧૯૩૦.......
તા.૨૪–૦૩– ૨૦૧૭

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

સાઉથઝોન(ઉધના)
સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૪/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત

તા.૨૪.૦૩.૨૦૧૭ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૧** કાંઉના **રૂા.૦૦.૩૦** લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૯ લોકેશન (ખાડા) ૯૯૫.૦૦ ચો.મી.** પેવરકાંની કામગીરી કરી કુલ **૫૦.૫૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૩ લોકેશન (ખાડા) **૨૭૦.૦૦ ચો.મી.**મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૯ લોકેશન, ૨૧૫૦.૦૦ ચો.મી.** રીપેરીંગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૩(જીઆવ–સોનારી–ગભેણી) પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીના પ્લોટ નં.૪,૫,૬ માંથી આશરે **૧૫૦** ચો.ફુટ. માપ વિસ્તારમાંથી આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં અમરોલી રોડ કૈલાસ ચોકડી પાસેથી ૦૮ લારીનું દબાણ દુર કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ: ૦૪, પાણીના નવા કનેકશન કુલ : ૦૫ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૩૬,૬૧૮/–** વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા: **૪૫** છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૪૪** લાખ થયેલ છે., **૦૩** EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૮૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૪૭ સંસ્થા** રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા: ૩૯૬ છે., ઊંચકાવેલ કન્ટેનરની સંખ્યા: ૧૨૪ છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટ: **૨૦૬.૧૫** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા: ૫૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૭૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : ૧૨,૦૧૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલ: **૨૬,૮૯૫** બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૬૧** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન: ૭૦૯ કરવામાં આવેલ છે. જયારે **૪૨** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....૧૯૩૧......
તા.૨૪–૦૩– ૨૦૧૭

૧૯૩૨

સ્વર્ણિમ જયંતિનિમિત્તે મહાનગરપાલિકાઓની તમામ ઝોનવિસ્તારમાં મચ્છર નાબુદી અભિયાન કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિનિમિત્તે મા.મેયરશ્રી તથા મે.કમિશનરશ્રીનાં આદેશ અનુસાર મહાનગરપાલિકાઓની તમામ ઝોનવિસ્તારમાં મચ્છર નાબુદી અભિયાન હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જેનાં સદર્ભમાં ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીની સુચના અનુસાર તા.૨૫/૦૩/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય, વી.બી.ડી.સી.ના સ્ટાફની સંયુકત ટીમ બનાવી તેઓના ઝોનવિસ્તારમાં મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મચ્છર નાબુદ કરવા બાબતે મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪,૮૧૬ | ૭૩,૯૧૦ | ૨૬૦ | ૧૦,૭૪૫ | ૯૧૧ | ૧,૬૮૯ | ૧૧૭ | ૩૩,૭૫૦ | ૬૧ | ૨૮,૭૪૧ | ૮,૬૯૪ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૯૩૩

"વર્લ્ડ વોટર ડે" નિમિત્તે તા.૨૪/૦૩/૧૭ના રોજ નદી, તળાવ કિનારા ઉપર રસ્તા બનાવવા/ રીપેરીંગ કામ કરવા કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૪/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી/તળાવ/કિનારાની સફાઈ તથા રસ્તો બનાવવો/રીપેરીંગ કરવાની ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૪/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ અને NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ નદી, તળાવ/કિનારા ઉપર નવા રસ્તા તેમજ તુટેલ રસ્તાઓનું રીપેરીંગ કામ કરવાની કામગીરી કરાવી આજુ બાજુ સાફ સફાઈની કામગીરી કરાવવામાં આવી હતી.

| રીપેરીંગ કરવામાં આવેલ રસ્તા | સફાઈ કરવામાં આવેલ રસ્તા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૨૧ | ૨૧ | ૨૨ | ૧૧૯ | ૬.૭૦૦ | ૮૮૦ |

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૯૩૪

# પ્રે સ નો ટ

સવિનય,ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રી નાં સીધા માર્ગદર્શન હેઠળ મરી–મસાલાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૨૭/૦૩/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી નમુના લેવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા નું સરનામુ |
|---|---|---|
| 1 | એમ.કે. મસાલા | ચૌટા બજાર ચાર રસ્તા, સુરત |
| 2 | આત્મારામ વણમાલીદાસ પાનવાલા | ચૌટા બજાર ચાર રસ્તા, સુરત |
| 3 | જય ખોડીયાર મસાલા ભંડાર | ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની સામે, સીટીલાઈટ રોડ, સુરત |
| 4 | જલારામ મસાલા | પટેલ વાડી, નર્મદ લાય.ની બાજુમાં, ઘોડ દોડ રોડ, સુરત |
| 5 | શ્રી લક્ષ્મી મસાલા | ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની સામે, સીટીલાઈટ રોડ, સુરત |

વધુમાં વરાછા ઝોનના આરોગ્ય સ્ટાફ સાથે રહી નીચે જણાવેલ સંસ્થાઓ બંધ કરવામાં આવેલ છે તેમજ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)નો દંડ વસુલવામાં આવેલ છે.

| અ.ન | સંસ્થા નું નામ | સંસ્થા નું સરનામુ |
|---|---|---|
| 1 | જય ભુટ ભવાની મરચાં ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 2 | શ્રી સાંઈ મસાલા ભંડાર | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 3 | બુટ ભવાની મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 4 | જય ખોડીયાર મસાલા ભંડાર | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 5 | અંબિકા મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |

૧૯૩૫

# <u>સુરત મહાનગર પાલિકા</u>
# <u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>
# <u>અખબારી યાદી</u>

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત કરવામાં આવેલ ખાડી સફાઇ,સ્ટોર્મ ડ્રેનેજ,ફોગીંગ જેવી વિવિધ કામગીરીની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે તા.૨૭/૦૩/૧૭ ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટોર્મ ડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખેતરોમાં ભરાયેલ પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવ કરવામાં આવેલ. જેની માહિતી નીચે મુજબ છે.

<u>સ્ટોર્મ ડ્રેનેજ તેમજ એન્ટીલાર્વલ કામગીરી</u>–સ્ટાર બજારથી હરીઓમ પેટ્રોલંપ સુધી ની સ્ટ્રોમ,ગ્રીન સીટીના ડ્રેનેજ /સ્ટ્રોમ ચેમ્બર,ડભોલીબ્રિજ થી ઈસ્કોન, સા–વેસ્ટઝોનમાં ઓલપાડી મહોલ્લો થી ઘોડોદોડ રોડ થી નર્મદ લાઈબ્રેરી સુધી, અંબિકાનીકેતન મંદિર રોડ થી પાર્લે પોઈન્ટ સુધીનો રોડ,પાવન હોસ્પીટલ થી રાજદીપ રેસ. સુધી, મની આર્કેડ થી આગમ એન્કલેવ સુધી રોડના બન્ને બાજુ, આર્શીવાદ થી યુપી.નગર, સુયોગનગર તથા આજુ બાજુનાં વિસ્તારમાં સ્ટ્રોમ ડ્રનેજ લાઈનમાં ધુમ્રશેર ની કામગીરી કરાવી પ્લાસ્ટિક બેગ બાંધવામાં આવી.

**<u>ખાડી સફાઇ</u>**– વેસ્ટ ઝોનમાં ગૌરવ પથની ખાડી,મોના પાર્ક સામેની ખાડી,ગ્રીન સીટી પાછળની ખાડી, વરાછા ઝોનમાં હરીકુંજની ખાડી (સ્નેહમિલનની ખાડી), હસ્તીના પુરથી કિરણપાર્ક ની વચ્ચેની ખાડી, સા–વેસ્ટ ઝોનમાં ભટાર વિસ્તારમાં ગોકુલનગર અને આઝાદનગર પાછળની ખાડીમાં, ભરથાણાં યુનિટ વિસ્તારમાં ભરથાણાં ગામ આઈટીઆઈ પાસે ની ખાડીમાં પોકલેન્ડ મશીન ધ્વારા વનસ્પતિ કાઢી સફાઈની કામગીરી કરાવવામાં આવી, ઉધના ઝોનમાં સંજયનગરની ખાડીમાંથી બેલદારો ધ્વારા મેન્યુઅલી વેલ કાઢવાની કામગીરી, હરિઓમનગર પાસેની ખાડીમાં જે.સી.બી. ધ્વારા માઈનોરીંગ કામગીરી, રઝાનગર પાસેની ખાડીમાં જે.સી.બી. ધ્વારા માઈનોરીંગ કામગીરી, યોગેશ્વરનગરની પાછળ આવેલ ખાડીમાંથી પોકલેન્ડ મશીન ધ્વારા વેલ કાઢવાની કામગીરી તથા સાફ સફાઈ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો,

**<u>નદી સફાઈ</u>**–નોર્થઝોનમાં નદીકિનારે ટોરેન્ટ પાવર કિનારો,કોઝવે ઓવારો,ડભોલી કિનારો,લંકા વિજય ઓવારો,પાંચ પાંડવ ઓવારો, ફલ્ડગેટ પાસેનો નદી કિનારો,છાપરાભાઠા,વરાછાઝોનમાં ત્રણ ટીમ અને ૨૪ બેલદારો દ્વારા વૈધનાથ ઓવારો, પી.પી. સવાણી , સ્કુલની બાજુનો ઓવારો(ધરતીનગર), રામકિશન કોલોની પાસેનો ઓવારો, નાના વરાછા રામમંદિર નો ઓવારો માં વેજીટેશન નીચે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.

**<u>ફોગીંગની કામગીરી</u>**– ગઈકાલે સુરત શહેરમાં જુદા જુદા ઝોનમાં ૧૦૮ ફોગીંગ મશીનો દ્રારા કુલ ૨૨૩ વિસ્તારોમાં તેમજ ૧૬ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીન થી ૧૪૪ જેટલી સોસાયટીઓમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

મુખ્યમંત્રી ગૃહયોજના (MMGY) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોન ખાતે ૧૨૮ L.I.G.આવાસોની લોકાર્પણવિધિ તથા રૂા.૧૬૧.૯૦ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પનો ખાતમુહૂર્ત/લોકાર્પણની તકતીઓની અનાવરણવિધિ શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે પુણા–ગોડાદરા રોડ,પરવત,સુરત ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે સુરત શહેરે વિકાસના અનેક નવા સોપાનો સર કર્યા છે અને દેશ અને દુનિયામાં સુરતનું નામ રોશન કર્યું છે.હાલમાં સુરતનો વિકાસદર ૧૩% છે.આ આવાસોનો લોકો વધારામાં વધારે લાભ મેળવે તેવા પ્રયાસો સુરત મહાનગરપાલિકા કરી રહી છે.માન.વડાપ્રધાનશ્રીની ખેવના છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશના તમામ ઘરવિહોણાને પોતાના સપનાનું ઘર મળે તે દિશામાં સુરત મહાનગરપાલિકા પ્રયાસ કરી રહી છે.આ ઉપરાંત શહેરી વિસ્તારમાં આગ અકસ્માતને પહોંચી વળવા માટે ૫૪ મી.ઉચાઈનું હાઈડ્રોલિક પ્લેટફોર્મ તથા કતારગામ વોટર વર્કસ ખાતે ૨૭ લાખ લિટર ક્ષમતાની ૨૪ મી ઉંચી ઓવરહેડ ટાંકીની લોકાર્પણ થયેથી શહેરીજનોને પુરતા પ્રમાણ પાણી પુરવઠો પ્રાપ્ત થશે હાલમાં સુરત શહેરમાં દરરોજ ૧૧૦૦ થી ૧૨૦૦ એમ.એલ.ડી.પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

આ પ્રસંગે ઉપસ્થિત માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માનનીય ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે દેશમાં તમામ લોકોને પોતાનું ઘર મળે તે માટે સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કર્યો હતો રાજય સરકારે તેમના વિસ્તાર માટે માટે ૯૦ થી ૯૧ કરોડની ગ્રાંટની જોગવાઈ કરી છે અને ચોર્યાસી વિસ્તારમાં પણ વિકાસના ઘણા કાર્યો સુરત મહાનગરપાલિકા ધ્વારા સંપન્ન કરવામાં આવ્યા હોવાનુ જણાવ્યુ.

માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે આજે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે જે આવાસો બનાવ્યા છે તેમા તમામ સુવિધાઓ ઉપલબ્ધ

કરાવવામાં આવી છે.ગુજરાત સરકાર મહિલાઓની ચિંતા કરે છે વિશ્વ મહિલા દિન નિમિતે ૧ કરોડની ગ્રાંટની જોગવાઈ કરી છે.

માનનીય સંસદીય સચિવ શ્રી પુર્ણેશભાઈ મોદી  તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઈ અને ૧૯૬૬ માં સુરત મહાનગરપાલિકાની સ્થાપના થઈ આજે સુરત મહાનગરપાલિકાએ તેના ૫૦ વર્ષ પુર્ણ કર્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તેમના સપનાનું ઘર મળી રહે તે તરફ રાજય સરકાર પ્રયાસ કરી રહી છે.તે માટે કેન્દ્ર સરકાર,રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકા ગરીબ માણસને ઝુંપડપટ્ટી માંથી આવાસમાં રહે તેવા પ્રયત્નનું કામ કરી રહી છે.સુરત મહાનગરપાલિકાએ સુરતને ખુબસુરત બનાવ્યું છે.આવનાર સમયમાં રોજગારી,શિક્ષણ અને આરોગ્યલક્ષી સેવામાં વધારો થશે.

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ તથા ૫૪ મી.ઉચાઈનું હાઈડ્રોલિક પ્લેટફોમનું ઝંડી બતાવી લોકાર્પણ તથા આવાસના લાભાર્થીઓને  ચાવી તથા દસ્તાવેજની ફાઈલ અર્પણ કરવામાં આવેલ.

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલએ તેમના ઉદ્‌બોધન જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશના ૧૨૫ કરોડની વસ્તીના પરિવારને આવાસોથી વંચિત ન રહે તે માટે અબજો રૂપિયા ફાળવવાની શરૂઆત કરી છે અને તેનો લાભ ગરીબ લોકોને મળશે.આવાસો ખાનગી બિલ્ડરો પાસે રૂા.૨૫ થી ૩૦ લાખની કિંમતમાં મળે છે જે મકાન રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકા રૂા.૭ થી ૧૨ લાખમાં સારા વિસ્તારમાં ફાળવે છે.દેશમાં વિકાસ અને પ્રગતિની વાત આવે તો ગુજરાતનું નામ પ્રથમ આવે છે અને તેમાં સુરતનો પણ સમાવેશ થાય છે.ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે જયારે સુરત એ આર્થિક પાટનગર છે ગુજરાતને જે ટેક્ષની આવક પ્રાપ્ત થાય છે તેમાં હિરા ઉધોગ,ટેક્ષટાઈલ્સ અને બીજા અન્ય ઉધોગથી ખુબ મોટા પ્રમાણમાં ટેક્ષ મળે છે તેમાં સુરતનો હિસ્સો ઘણા મોટા પ્રમાણમાં છે.દેશના કોઈ પણ રાજયમાં આજદિન સુધીમાં સુરત જેટલા ૧૦૧ ફલાય ઓવરબ્રિજનું નિર્માણ થયુ નથી સુરત શહેરના સાંસદો,ધારાસભ્યો વિગેરે ગુજરાત વિધાનસભામાં સુરત શહેરના વિકાસ માટે વિવિધ નવી નવી માંગણીઓ અને સુચનો કરે છે અને રાજય સરકાર પાસેથી તેને મંજુર કરાવે છે.રાજય સરકાર ગુજરાતના વિકાસ માટે કટિબધ્ધ છે. સુરતની ખુબસુરત સેવા કરવા બદલ સુરત મહાનરગપાલિકાનો પદાધિકારીશ્રીઓ /અધિકારીશ્રીઓને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા,માન.નેતાશ્રી શાસકપક્ષ

શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.







વિસ્તારમાં
અનાવરણવિધિકર્તા


સુમનઘટા
સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ વિધિ
શ્રી નીતિનભાઈ પટેલ



૧૯૩૭

# પ્રે સ નો ટ

સવિનય,ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રી નાં સીધા માર્ગદર્શન હેઠળ મરી–મસાલાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૨૭/૦૩/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી નમુના લેવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા નું સરનામુ |
|---|---|---|
| 1 | એમ.કે. મસાલા | ચૌટા બજાર ચાર રસ્તા, સુરત |
| 2 | આત્મારામ વણમાલીદાસ પાનવાલા | ચૌટા બજાર ચાર રસ્તા, સુરત |
| 3 | જય ખોડીયાર મસાલા ભંડાર | ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની સામે, સીટીલાઈટ રોડ, સુરત |
| 4 | જલારામ મસાલા | પટેલ વાડી, નર્મદ લાય.ની બાજુમાં, ઘોડ દોડ રોડ, સુરત |
| 5 | શ્રી લક્ષ્મી મસાલા | ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની સામે, સીટીલાઈટ રોડ, સુરત |

વધુમાં વરાછા ઝોનના આરોગ્ય સ્ટાફ સાથે રહી નીચે જણાવેલ સંસ્થાઓ બંધ કરવામાં આવેલ છે તેમજ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)નો દંડ વસુલવામાં આવેલ છે.

| અ.ન | સંસ્થા નું નામ | સંસ્થા નું સરનામુ |
|---|---|---|
| 1 | જય ભુટ ભવાની મરચાં ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 2 | શ્રી સાંઈ મસાલા ભંડાર | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 3 | બુટ ભવાની મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 4 | જય ખોડીયાર મસાલા ભંડાર | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |
| 5 | અંબિકા મરચા ફાર્મ | શ્યામ મંદિરની સામે, સરથાણા–કામરેજ મેઈન રોડ, સુરત |

૧૯૩૮

સ્વર્ણિમ જયંતિની ઉજવણી નિમિત્તે તા.૨૬/૦૩/૧૭ના રોજ મેગા મેડીકલ કેમ્પ કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

સ્વચ્છ ભારત અભિયાન અંતગર્ત તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિની સમાપન ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો પૈકી આજ તા.૨૬/૦૩/૨૦૧૭ રવિવારનાં રોજ ઉધનાઝોન વિસ્તારનાં ઈલેકશન વોર્ડ નં.૨૩માં આવેલ વિજયા નગર હેલ્થ સેન્ટર ખાતે મેગા મેડીકલ કેમ્પકાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં શહેર ભાજપના ઉપાધ્યક્ષ શ્રી છોટુભાઈ પાટીલ, સ્થાયી સમિતિના સભ્ય શ્રીમતિ રોહીણીબેન પાટીલ તેમજ સ્થાનિક મ્યુ. સભ્યશ્રી સોમનાથભાઈ મરાઠે, સુરેશભાઈ કણસાગરા તથા શ્રીમતિ મગના દેવી શુકલા આ કાર્યક્રમમાં હાજર રહી દિપ પ્રગટાવી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી.

આ મેડીકલ કેમ્પમાં વિવિધ રોગનાં તબીબી તજજ્ઞો દ્વારા ૪૪૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ હતી. જે પૈકી અલગ અલગ રોગોના ૧૫ જેટલા દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જયારે કુંટુબ કલ્યાણ વિભાગ દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓને આર્યન ફોલીક એસીડ, ઓરલપીલ્સ, પોલીયો,હીપે.બી, મીઝલ્સ, ડી.પી.ટી. વિગેરેની કામગીરી પણ આવરી લેવામાં આવી હતી. આ કેમ્પ દરમ્યાન ૨૦૦ જેટલી કલોરીન ટેબલેટ તથા ૩૦૦ જેટલી આરોગ્ય વિષયક પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું.

૧૯૩૯

"વર્લ્ડ વોટર ડે" નિમિત્તે તા.૨૭/૦૩/૧૭ના રોજ પાણીનાં નિકાલનાં કાંસ સ્ટ્રોમ વોટર, ડ્રેનેજનાં જાળીયા કિનારાની આજુબાજુ તથા અંદરનાં ભાગે સામૂહિક ઘનીષ્ઠ સફાઈકરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મૂકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૪/૦૩/૧૭નાં રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનશહેરી ઝોનવિસ્તારમાં વરસાદનાં પાણીનાં નિકાલનાં કાંસ સ્ટ્રોમ વોટર, ડ્રેનેજ નદી કિનારા, તળાવ કાંઠા અને વોટર બોડીની સામૂહિક સફાઈ અને દવા છંટકાવ, રીપેરીંગની કામગીરી કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૩/૧૭નાં રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર, વી.બી.ડી.સી. વિભાગ, NGOની સયુંકત ટીમ બનાવીઝોનવિસ્તારમાં આવેલ વરસાદનાં પાણીનાં નિકાલનાં કાંસ સ્ટ્રોમ વોટર, ડ્રેનેજનાં જાળીયા કિનારાની આજુબાજુ તથા અંદરનાં ભાગે સામૂહિક ઘનીષ્ઠ સફાઈ ઝુંબેશ કરાવ્યા બાદ ઈજનેર વિભાગધ્વારા જરૂરી રીપેરીંગ કામગીરી કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| નદી–તળાવ કિનારા | સફાઈ કરવામાં આવેલ આરોગ્ય/ઈજનેર વિભાગ રોકવામાં આવેલ સ્ટાફ | | હાજર રહેલ NGO | અંદાજિત કચરાનો નિકાલ | જંતુનાશક દવાનો છંટકાવ |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | સફાઈકામદાર | | | |
| ૧૯ | ૧૩૪ | ૪૫ | ૮ | ૧.૫૮૩ | ૮૩૩ |

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૭/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૭.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૬૦૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૩.૪૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૨** લોકેશન (ખાડા) **૨૪૦.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન,**૧૫૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨(ઉધના) ફા.પ્લોટ નં.૧૦૪ ના પ્લોટ નં.૧માં દુકાનદાર ધ્વારા માર્જીનના ભાગમાં/ઓપન સ્પેસમાં બનાવવામાં આવેલ ચણતરની દિવાલનું ડિમોલીશન કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી)માં કરશનનગર થી ક્ષેત્રપાળનગર તરફ જતાં ૧૮.૦૦ મી. ટી.પી.રસ્તામાં નડતરરૂપ ઝુંપડા દુર કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬(બમરોલી) ફા.પ્લોટ નં.૫૮ના રીઝર્વ પ્લોટ આર–૫ માંથી ઝુંપડા દુર કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૩, પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૩,૦૦૦/–** વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૮૭ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩૩.૮૪** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૯** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨,૧૮૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૭૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૪૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૪૨** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૭૩.૩૫** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦,૯૧૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫,૧૩૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૧૭** કરવામાં આવેલ છે. જયારે **૫૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૪૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૯૪૧

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સ્વર્ણિમ સપ્તાહ દરમ્યાન યોજાનાર કાર્યક્રમો અંતર્ગત રજુ થનાર નાટકોની હારમાળા**

સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોનું આયોજન ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે કરવામાં આવેલ છે.

આ નાટ્ય કાર્યક્રમનો શુભારંભ તા.૨૭/૦૩/૨૦૧૭ના રોજ સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, સાંસ્કૃતિક સમિતિ સભ્યશ્રીમતી આરતીબેન પટેલ, આસી.મ્યુનિ.કમિશનરશ્રીમતી ગાયત્રીબેન જરીવાળા તથા ઉપસ્થિત અધિકારીશ્રીના હસ્તે દિપપ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. નાટ્ય કાર્યક્રમના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધાનું પ્રથમ વિજેતા નાટક "દેવદાસિની" રજુ થયું હતું. આર્ટીઝમ થિયેટરના ગીરીશ સોલંકી દિગ્દર્શિત કુપ્રથા પર પ્રકાશ પાડતું 'દેવદાસીની' નાટકને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોએ માણ્યું હતું. હવે પછી રજુ થનાર નાટ્ય કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

**:: તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર નાટકો ::**

| તારીખ અને સમય | નાટ્ય સંસ્થા | નાટક | દિગ્દર્શક | સ્થળ |
|---|---|---|---|---|
| ૨૮/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | પરમ | તા.૭ મે, મંગળવાર | ડો.પદ્મેશ પંડિત | સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત |
| ૨૯/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા | શ્રી પંકજ પાઠકજી | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |
| ૩૦/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | દિપ આર્ટસ | કથા | શ્રી ગીત દીક્ષિત | ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત |
| ૩૧/૦૩/૨૦૧૭ સવારે ૧૧ કલાકે | સુમપાની કલ્યાણકારી યોજનાઓનું પ્રેઝન્ટેશન, સેમીનાર અને નાટક | | | ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત |
| ૩૧/૦૩/૨૦૧૭ | રાજગૃપ | અંજી | શ્રી રાજેશ આર. | સંજીવકુમાર ઓડિટોરીયમ, |

| | | | | |
|---|---|---|---|---|
| રાત્રે ૮.૩૦ કલાકે | થિયેટર એન્ડ પરર્ફોર્મિંગ આર્ટ | | પાન્ડેય | રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |

આ નાટ્ય કાર્યક્રમ વિનામૂલ્યે જાહેર જનતા માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થનાર આ નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

૧૯૪૨

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સ્વર્ણિમ સપ્તાહ દરમ્યાન યોજાનાર કાર્યક્રમો અંતર્ગત તા.૨૯/૦૩/૨૦૧૭ના રોજ યોજાનાર હેરીટેજ વોક**

**સુરત સુધરાઈમાંથી સુરત મહાનગરપાલિકામાં રૂપાંતરણના ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનાર 'સ્વર્ણિમ સુરત' કાર્યક્રમ અંતર્ગત હેરીટેજ વોકનું આયોજન તા.૨૯/૦૩/૨૦૧૭ના રોજ સવારે ૭:૩૦ કલાકે કરેલ છે, સદર હેરીટેજ વોક કતારગામ સ્થિત બ્રિટીશ સીમેટ્રીથી શરૂ થઈને આર્મેનિયમ અને ડચ સીમેટ્રી, ખુદાવંદખાનનો રોજો, ચિંતામણી જૈન દેરાસર, આઈ.પી.મિશન સ્કુલ, મુઘલસરાય, સી.એન.આઈ ચર્ચ, એન્ડુઝ લાઈબ્રેરી અને સર જે.જે સોરાબજી ટ્રેઈનીંગ કોલેજ સ્થળોને આવરી લઈને ચોક સ્થિત કિલ્લામાં પૂર્ણ થશે. આ હેરીટેજ વોકમાં જોડાઈને ''સ્વર્ણિમ જયંતિ સમાપન ઉજવણી''માં સહભાગી થઈએ.**

**સદર 'હેરિટેજ વોક' નિમિત્તે ''હેરિટેજ વોક'' મોબાઈલ એપનું લોન્ચીંગ કરવામાં આવશે તથા આ પ્રસંગે સુરતના ઐતિહાસીક વારસાની ૬૦ જેટલી પેનલો પ્રદર્શનનું આયોજન ચોક સ્થિત કિલ્લાનાં પ્રાંગણમાં કરવામાં આવેલ છે. આ પ્રદર્શન તા.૨૯ અને ૩૦ માર્ચ ૨૦૧૭ સુધી કિલ્લાના મેદાનમાં સાજે ૬:૦૦ કલાક સુધી પ્રદર્શીત રહેશે.**

૧૯૪૩

# **પ્રેસનોટ**

**વિષય** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૪ થી ૨૭–૦૩–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૨૮૩ લારીઓ ચેક કરી, સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૯૫૪ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૭૯૭ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૩૫૬ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૭સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૭૫ ચેકી કરી જે પૈકી ૮૦ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૭૬ ચેકી કરી જે પૈકી ૫૫ સંસ્થાઓને નોટીસ આપીતથા ૬સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૧૯ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૭ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨સંસ્થાને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૪૩ ચેક કરી જે પૈકી ૨૪ સંસ્થાઓને નોટીસ આપી તથા ૮ સંસ્થાને બંધ કરાવેલ હતી.

**—: પ્રેસનોટ :—**

૧૯૪૪

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૭/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨(ઉધના) ફા.પ્લોટ નં.૧૦૪ ના પ્લોટ નં.૧માં દુકાનદાર ધ્વારા માર્જીનના ભાગમાં/ઓપન સ્પેસમાં બનાવવામાં આવેલ ચણતરની દિવાલનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬(બમરોલી)માં કરશનનગર થી ક્ષેત્રપાળનગર તરફ જતાં ૧૮.૦૦ મી. ટી.પી.રસ્તામાં નડતરરૂપ ઝુંપડા દુર કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬(બમરોલી) ફા.પ્લોટ નં.૫૮ના રીઝર્વ પ્લોટ આર–૫ માંથી ઝુંપડા દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૯૪૫

સ્વર્ણિમ જયંતિ નિમિત્તે તા.૨૭/૦૩/૧૭ના રોજ નદી–તળાવ/ખાડી–નહેરનાં કિનારાની સાફ–સફાઈ કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ નિમિત્તે મા.મેયરશ્રી તથા મે.કમિશનરશ્રીનાં આદેશ અનુસાર ઝોન વિસ્તારમાં આવેલ તાપી ઓવારાઓ, નદી–તળાવ, ખાડી/નહેરના કિનારાની સાફ–સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જેનાં સદર્ભમાં ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અનુસાર તા.૨૭/૦૩/૧૭ના રોજ ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોન વિસ્તારમાં આવેલ નદી–તળાવ/ખાડી–નહેર તથા કિનારાની આજુબાજુ તથા અંદરના ભાગે ધનિષ્ઠ સફાઈનીકામગીરી કરાવવામાં આવી હતી. ત્યારબાદ કચરો કચરા મિશ્રીત માટીના ઢગલા ઉપડાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| નદી–તળાવ, ખાડી/નહેરના કિનારાની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૧૬+૧૨ | ૩૮ | ૨૫૨ | ૫.૩૬૦ | ૧૮૦૦ |

વધુમાં હાજર રહેલ તમામ સભ્યો અને તાપી ઓવારા/કિનારા તથા ખાડી/નહેર કાંઠે આજુબાજુનાં રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૯૪૬

''વર્લ્ડ વોટર ડે'' નિમિત્તે તા.૨૮/૦૩/૧૭ના રોજ નદી, તળાવ કિનારા ઉપર રસ્તા બનાવવા/ રીપેરીંગ કામ કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન''અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મૂકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૨૪/૦૩/૧૭નાં રોજ ''વર્લ્ડ વોટર ડે'' હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાન શહેરી ઝોનવિસ્તારમાં પર્યાવરણ/પાણી બચાવવા માટે નદી કિનારા પર પોસ્ટરો, બેનરો, વોલ પેઈન્ટીંગ અને કલીન કોર્નર અભિયાનકરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૦૩/૧૭નાં રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર, ગાર્ડન વિભાગ, NGOની સયુંકત ટીમ બનાવીઝોનવિસ્તારમાં આવેલનદી/તળાવનાં કિનારેપર્યાવરણ/પાણી બચાવવા માટેનાં પોસ્ટરો, બેનરો લગાવી જનજાગૃતિઅભિયાન હાથ ઘરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નદી/તળાવ/ખાડી/નહેરનાં કિનારા તેમજ ખુણાઓની ઘનીષ્ઠ સફાઈ કામગીરી હાથ ઘરવામાં આવી હતી.

| સફાઈ કરેલ નદી/તળાવ/ખાડી ઓવારા | લગાવવામાં આવેલ પોસ્ટર/બેનર | કલીન કોર્નર | સુપરવાઈઝર | કામદાર | NGO | કચરાનો નિકાલ | જંતુનાશક દવાનો છંટકાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૪૭ | ૧૦ | ૧૨ | ૫૨ | ૪ | ૧.૧૧૦ | ૫૩૮ |

વધુમાં ઉપરોકત ટીમ દ્વારા નદી/તળાવ/ખાડી/નહેરનાં કિનારાની આજુબાજુનાં રહેણાંક વિસ્તારમાં પાણીનો બગાડ ન કરવા માટે તેમજ સ્વચ્છતા રાખવા તથા સુકો–ભીનો કચરા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

સ્વર્ણિમ જયંતિ નિમિત્તે તા.૨૮/૦૩/૧૭ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ તમામ માર્કેટોની સફાઈ કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ નિમિત્તે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રીનાં આદેશ અનુસાર ઝોન વિસ્તારમાં આવેલ તમામ માર્કેટોની સફાઈ કરવા જણાવવામાં આવેલ હતું.

જેનાં સદર્ભમાં ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અનુસાર તા.૨૮/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય/ઈજનેર વિભાગ સંયુકત ટીમ બનાવી ઝોન વિસ્તારમાં આવેલ તમામ વેજીટેબલ માર્કેટ, મટન–ફીશ માર્કેટની અંદર તેમજ બહારના ભાગે સાફ–સફાઈ કરાવ્યા બાદ ઈજનેર વિભાગ દ્વારા વેજીટેબલ માર્કેટ, મટન–ફીશ માર્કેટની અંદર તથા માર્કેટમાં આવેલ ટોયલેટ બ્લોકનું રીપેરીંગ કર્યા બાદ ટોયલેટ બ્લોક એસીડ–ફીનાઈલ પાણીથી ધોવરાવી ટોયલેટ બ્લોકને સ્વચ્છ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ટોયલેટ બ્લોકમાં તથા માર્કેટની અંદર તેમજ બહાર જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ માર્કેટોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૩૯ | ૪૫ | ૨૪૫ | ૪.૦૩૦ | ૧૩૨૫ |

વધુમાં વરાછા ઝોનનાં સુપરવાઈઝર સ્ટાફ દ્વારા માર્કેટમાં ન્યુસન્સકર્તા ૧૦ ઈસમો પાસે રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર)નો વહિવટી ચાર્જ પણ વસુલ કરવામાં આવેલ હતો. તથા દરેક ટીમના સભ્યો દ્વારા માર્કેટમાં વેચાણકર્તા તથા ખરીદકર્તા પ્રજાજનો સુકો/ભીનો કચરા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા તેમજ સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1947
તા.૨૮/૦૩/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૯૪૮

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ' સ્વચ્છ ભારત મિશન અને પ્રિ-મોન્સુન' કામગીરી સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદી:-**

ઉપરોક્ત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અલથાણ વોર્ડ અંતર્ગત આવેલ

- સ્કવેર પોઈન્ટ (અશોકપાન સામે) થી ધ્રુવ શોપીંગ સેન્ટર સર્કલ સુધીનો મેઈન રોડ
- ધ્રુવ શોપીંગ સેન્ટર સર્કલથી યુ.પી. નગર (મહાત્મા ગાંધી ડેપો) વાળો મેઈન રોડ
- પ્રમુખ સ્ટોર્સ (સતીમાતા મંદિર સામેની ગલી) સીટીલાઈટ શાકમાર્કેટ મેઈન રોડ N.7. પીઝા થઈ સીટીલાઈટ પેટ્રોલપંપ સુધી
- દિવ્યપ્રભા એપાર્ટમેન્ટ થી કોર્નરપોઈન્ટ થઈ ગ્રાન્ટલેન્ટ સોસાયટી સુધીનો મેઈન રોડ

સફાઈ ઝુંબેશ તા.૨૮/૦૩/૧૭ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૩૫ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૦૧ સફાઈ કામદારો/ બેલદાર, ૩૦ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૬.૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી-ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ. તેમજ ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ તથા સદર સફાઈ ઝુંબેશમાં ૩૬ ઈસમો પાસેથી રૂા. ૭૨,૯૦૦/- વહીવટી વસૂલાત કરવામાં આવેલ. પ્લાસ્ટિક જપ્ત : ૧૯.૫૦૦ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ. તેમજ ૧૪.૫૦૦ કિ.ગ્રા અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

આકારણી વિભાગ દ્વારા સ્થળ પર જ રૂા. ૧૩,૦૦૦/- વેરા વસૂલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તા વિભાગ દ્વારા ૦૬ સંસ્થા પાસે રૂા. ૨૪,૭૦૦/- પ્રો.ટેક્ષ વસૂલવામાં આવેલ તેમજ ૧૫ નોટીસ પાઠવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1948
તા.૨૮/૦૩/૧૭

**ંસાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

# <u>પ્રેસનોટ</u>

## <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૮/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૮.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૦ ફાઈલના **રૂા.૦૦.૦૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૮૮૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૬૦.૮૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન (ખાડા) **૩૨૫.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૭ લોકેશન,**૧૬૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ઉધના દરવાજાથી સત્યનગર ગેટ સુધી જમણી બાજુએ આવેલ ખાનગી મિલ્કતોના પાર્કિંગમાં થયેલ દબાણો/બાંધકામો દુર કરી આશરે ૧૧૫૫ ચો.મી.માપ વિસ્તારમાં પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવેલ. તથા સાઉથ ઝોન (ઉધના)માં ઉધના દરવાજાથી સત્યનગર ગેટ સુધી જમણી બાજુએથી ૨ કેબીન તથા ૬ બંધ લારીનું દબાણ દુર કરવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૩૪,૦૦૦/**– વસુલ કરવામાં આવેલ.,તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૯ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૪૨** છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬૬.૩૫** લાખ થયેલ છે., ૦૩ EC તથા ૦૩ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૨૬૪/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૬૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**., ૭૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૩** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૮.૫૭૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૨૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦,૦૩૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩,૩૪૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૦** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૮૩** કરવામાં આવેલ છે. જયારે **૩૯** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

**—: પ્રેસનોટ :—**

૧૯૫૦

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૮/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ઉધના દરવાજાથી સત્યનગર ગેટ સુધી જમણી બાજુએ આવેલ ખાનગી મિલ્કતોના પાર્કિંગમાં થયેલ દબાણો/બાંધકામો દુર કરી આશરે ૧૧૫૫ ચો.મી.માપ વિસ્તારમાં પાર્કિંગ ખુલ્લુ કરાવવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતિનિમિત્તે તાપી શુધ્ધિકરણ અભિયાન બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાના ૫૦ વર્ષ પુર્ણ થતા હોય સ્વર્ણિમ જયંતિસમાપન ઉજવણી નિમિત્તે મા.મેયરશ્રીતથા મે.કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર તા.૨૦/૦૩/૧૭ થી તા.૩૦/૦૩/૧૭ના દરમ્યાનવિવિધકાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી તા.૩૦/૦૩/૧૭ના રોજ સ્વર્ણિમ જયંતિ સમાપન ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શહેરીજનોના સહયોગથી શહેરમાં આવેલ વિવિધ ઓવારાઓ ખાતે તાપી શુધ્ધિકરણ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંર્તગત નીચે મુજબની કામગીરી થયેલ હતી.

કતારગામઝોનવિસ્તારમાં આવેલ કતારગામ વોટર વર્કસ ખાતે મા.મેયરશ્રી તથા મા.ઓરોગ્ય સમિતિના ચેરમેનશ્રીઅનિલભાઈ બીસ્કીટવાલા ઉપસ્થિત રહયા હતા. તદઉપરાંત મા.કમિશ્નરશ્રીએ પણ આ સ્થળની મુલાકાત લીધેલ હતી. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી ડી. સી. ગાંધી(કાર્યપાલક ઈજનેર) અને ડો. એમ. એન. પટેલ(નાયબઆરોગ્યઅધિકારી)ની સીઘી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે સ્વૈચ્છીક સંસ્થા કહાર સમાજ –નાનપુરાના ૧૮ સભ્યો તેમજ ૨૨ સુપરવાઈઝર તથા ૧૬૦ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૨ ડીવીડર મશીન, ૨ જીસીબી, ૨ બોટ, ૫ ટ્રક, અને ૬ ટ્રેકટર દ્વારા ૧૬૨ જેટલા ફેરા સાથે કુલ ૧૯૩ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

ડભોલી ઓવારો–વણઝારાવાસ ખાતે મા.નગર નિયોજનના ચેરમેનશ્રીમ્યુ.સભ્યશ્રીવિનુભાઈ મોરડીયા તથા મા.મ્યુ.સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. તદઉપરાંત મા.મેયરશ્રીએ પણ આ સ્થળની મુલાકાત લીધેલ હતી. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી આર. વી . ગામીત (કાર્યપાલક ઈજનેર) અને ડો. એસ. એસ. દાસ (નાયબઆરોગ્યઅધિકારી)ની સીઘી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે સ્વૈચ્છીક સંસ્થા આકાશ(ઉધના)ના ૧૦૪ જેટલા કાર્યકરો તેમજ ૨૧ સુપરવાઈઝર તથા ૧૩૫ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૨ જીસીબી, ૫ બોટ, અને ૫ ટ્રેકટર દ્વારા ૧૪૨ જેટલા ફેરા સાથે કુલ ૯૯.૪૦૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

પાગલબાવાના ઓવારા ખાતે મા.મેયરશ્રી અને મા.મ્યુ.સભ્યશ્રીઓ સાથે આ સ્થળની રૂબરૂ મુલાકાત લીધેલ હતી. આ સ્થળના નોડલ ઓફિસરશ્રીડી. સી. ભગવાકર(કાર્યપાલક ઈજનેર) અને ડો. કે. આઈ. ખત્રી(નાયબઆરોગ્યઅધિકારી)ની સીઘી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે ૨૮ સુપરવાઈઝર તથા ૧૬૬ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન૬ બોટ અને ૬ ટ્રેકટર દ્વારા ૧૩૩ જેટલા ફેરા સાથે કુલ ૧૧૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

વિયર કમ કોઝવે ખાતે મા.શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મીશ્રા, મા.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, મા.સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, મા.ઓરોગ્ય સમિતિના ચેરમેનશ્રીઅનિલભાઈ બીસ્કીટવાલા, મા.ડ્રેનેજ સમિતિના ચેરમેનશ્રી સુધાબેન નાહાતા, મા.સાસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી રૂપાબેન શાહ, મા.પાણી સમિતિના ચેરમેનશ્રી પ્રવિણભાઈ ધોધારી તથા મા.મ્યુ.સભ્યશ્રીઓતેમજ મા.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન , ડે.કમિશ્નરશ્રી હેમંત દેસાઈ(હેલ્થ એન્ડ હોસ્પિટલ), ડે.કમિશ્નરશ્રી કેતનભાઈ પટેલ, એડી. સીટી. ઈજનેરશ્રી કે. એચ. ખતવાણી(મીકે.એન્ડ ઈલે.) ઉપસ્થિત રહયા હતા. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી સી. બી. વસાવા(કાર્યપાલક ઈજનેર) અને ડો. કે. એ. શ્રોફ(નાયબઆરોગ્યઅધિકારી)ની સીધી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે સ્વૈચ્છીક સંસ્થા પરસ્પરદેવો ભવઃ, બિહારસિકાસ મંડળ, સીંગણપોર યોગ મંડળના ૮૨ સભ્યો તેમજ ૧૯ સુપરવાઈઝર તથા ૧૮૯ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૧ ડીવીડર મશીન, ૫ બોટસાથે કુલ ૧૦૭ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

લંકા વિજય ઓવારા ખાતે મા.શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મીશ્રા, મા.આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીઅનિલભાઈ બીસ્કીટવાલાતથા મા.મ્યુ.સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. તદઉપરાંત ડે.કમિશ્નરશ્રીસી. વાય. ભટ્ટ હાજર રહેલ હતા. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી એ. એમ. દુબે(કાર્યપાલક ઈજનેર) અને ડો. એ. પી. ભટ્ટ(નાયબઆરોગ્યઅધિકારી)ની સીધી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે ૨૫ સુપરવાઈઝર તથા ૧૧૯ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૧ ડીવીડર મશીન, ૨ જીસીબી, ૬ બોટ અને ૪ ટ્રેકટર દ્વારા ૭ જેટલા ફેરા સાથે કુલ ૧૦.૫૦૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

રાંદેરઝોનવિસ્તારમાં આવેલ રાંદેર ઈન્ટેકવેલ ખાતે મા.હોસ્પિટલ કમિટિના ચેરમેનશ્રીડો.રમણભાઈ પરમાર તથા મા.મ્યું. સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી ડી. આર. ગોહિલ(કાર્યપાલક ઈજનેર) અને ડો. પી. એચ. ઉમરીગર(નાયબઆરોગ્યઅધિકારી)ની સીધી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે સ્વૈચ્છીક સંસ્થા મત્યસ્યઉર્ધોગ સહકારી મંડળીનાર૩ સભ્યો તેમજ ૪૧ સુપરવાઈઝર તથા ૧૯૦ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન૧ ડીવીડર મશીન, ૫ બોટ, ૯ ટ્રક અને ૬ ટ્રેકટર દ્વારા ૬૦ જેટલા ફેરા સાથે કુલ ૯૦.૭૫૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

વરાછાઝોનવિસ્તારમાં આવેલ સરથાણા વોટર વર્કસ ખાતે મા.મેયરશ્રીતેમજ મા.સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન શ્રીમતી રમીલાબેન પટેલ તથા મા.મ્યું.સભ્યશ્રીઓઉપસ્થિત રહયા હતા. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી પી. ડી. મુન્શી(કાર્યપાલક ઈજનેર) અને ડો. પ્રકાશ પટેલ(નાયબઆરોગ્યઅધિકારી)ની સીધી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે શ્રી સ્વામીનારાયણ સંસ્થા–વડતાલના ૮૩ હરીભકતોએ તથા ૧૮૯ સ્વૈચ્છીક કાર્યકરો તેમજ ૨૩ સુપરવાઈઝર તથા ૧૬૬ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. એઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૧ ડીવીડર મશીન, ૨ જીસીબી, ૧ બોટ અને ૫ ટ્રેકટર દ્વારા ૪૧ જેટલા ફેરા સાથે કુલ ૧૦૨.૫૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

વરાછા વોટર વર્કસ ખાતે મા.મેયરશ્રીતથા મા.મ્યું. સભ્યશ્રીઓઉપસ્થિત રહયા હતા. આ સ્થળના નોડલ ઓફિસરશ્રી જયેશ સોલંકી(કાર્યપાલક ઈજનેર) અને ડો. દિનેશ પટેલ(નાયબઆરોગ્યઅધિકારી)ની સીધી દેખરેખ હેઠળ જરૂરી મશીનરી/મેનપાવર અને સાધનો સાથે કામગીરી કરાવી હતી. આ સ્થળે બ્રહમાકુમારીના ૩૫સભ્યોએ તેમજ ૩૫ સુપરવાઈઝર તથા ૧૧૨ કામદારોએ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. એ ઉત્સાહભેર ભાગ લઈ કામગીરી બજાવેલ હતી. આ સ્થળની કામગીરી દરમ્યાન ૧ ડીવીડર મશીન, ૨ જીસીબી, ૧ બોટ અને ૬ ટ્રેકટર દ્વારા ૩૮જેટલા ફેરા સાથે કુલ ૫૭.૫૦૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરવામાં આવેલ હતો.

આમ શહેરના ૮ ઓવારા ખાતે તાપી શુધ્ધિકરણ અભિયાનદરમ્યાનટ્રક/ટ્રેકટરથી ૫૮૩ જેટલા ફેરા દ્વારા કુલ ૭૭૦.૬૫૦ મે.ટન જળકુંભી/કચરાનોનિકાલ કરી સઘન સાફ સફાઈ કરવામાં આવેલ હતી.

**સમગ્ર કાર્યક્રમનું સંચાલન એડી. સીટી. ઈજનેરશ્રી કે. એચ. ખતવાણી(મીકે. એન્ડ ઈલે.) દ્વારા કરવામાં આવેલ હતું.**



''વર્લ્ડ વોટર ડે'' નિમિત્તે તા.૨૯/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આવેલનદી, તળાવ કિનારાની સફાઈ તથા શહેરને પ્લાસ્ટીક મુકત શહેર બનાવવા પ્લાસ્ટીક જપ્ત ઝુંબેશ.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ ''વર્લ્ડ વોટર ડે'' નિમિતે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી, તળાવ કિનારાની સફાઈ તથા શહેરને પ્લાસ્ટીક મુકત શહેર બનાવવા પ્લાસ્ટીક જપ્ત ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૯/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ,NGOની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ નદી, તળાવ,કિનારા ખાતે ઉગેલ ઝાડી ઝાંખરા/જંગલી વનસ્પતિઓ દુર કરાવ્યા બાદ કચરો કચરા મિશ્રીત માટીના ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો તેમજ નદી કિનારાની આજુબાજુ સંસ્થાઓ ચેક કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવવામાં આવી હતી.

| નદી/તળાવ/ ઓવારા | સ્વચ્છતા અંગે બેનરો | ઈસમ | વહીવટી વસૂલાત | જપ્ત કરેલ પ્લાસ્ટિક (કિ.ગ્રા ) | કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| ૧૫ | ૪૧ | ૬૦ | ૭૭૦૦ | ૧૯.૫૫૦ | ૦.૮૨૫ | ૮૫૦ |

વધુમાં હાજર રહેલ તમામ સભ્યો તથા નદી તળાવ કિનારાની આજુબાજુનાં રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં હતી.

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૩૦/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૩૦.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૬ ફાઈલના **રૂા.૧૫.૨૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૮ લોકેશન (ખાડા) ૪૩૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૫.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૧** લોકેશન(ખાડા) **૧૫૦.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૪ લોકેશન, **૯૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ગભેણી રામેશ્વરનગર પાસેથી **૦૮** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ તેમજ તેમજ વહીવટી ચાર્જ પેટે **રૂા.૧૯,૭૦૦/–** વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ કરવામાં આવેલ.,તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૪૬ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬૫.૩૩** લાખ થયેલ છે., ૦૯ EC તથા ૦૭ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૮૫૮/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૪૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૩૨૭.૬૭૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૯૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦,૫૧૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૧,૮૮૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૪૦** કરવામાં આવેલ છે. જયારે **૨૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ**

**<u>વિષયઃ માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૨૪/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી</u>**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૪/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૫,૭૭૨/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૮,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૧૫.૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૬.૪૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૩૨ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧,૨૪,૮૭૫/– ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ – ૧૦ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૩,૮૮૫ અને ૫,૭૩૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૮૬, ૦૩૦/– અને રૂા.૨,૨૯,૦૨૦/– રકમ મળી કુલ રકમ રૂા.૪,૧૫,૦૫૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૯૫૫

# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૮ થી ૩૦–૦૩–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૮૫ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૮૩૮ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૭૬૦ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૨૬૮ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૦સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૨૩ ચેકી કરી જે પૈકી ૬૯ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૩૨ ચેકી કરી જે પૈકી ૩૩ સંસ્થાઓને નોટીસ આપીતથા ૫સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૪ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૪સંસ્થાને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૪૦ ચેક કરી જે પૈકી ૩૦ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૬ સંસ્થાને બંધ કરાવેલ હતી.

૧૯૫૬

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ અને એન્જીનીરીંગ વિભાગ દ્વારા ' ઓર્ગેનિક કન્વર્ટર મશીન તથા સી એન્ડ ડી વેસ્ટનો નિકાલની અખબારી યાદીઃ–**

ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સોલીડ વેસ્ટ રૂલ્સ ૨૦૧૬ તેમજ ગુજરાત સરકારના અને વન પર્યાવરણ વિભાગની સ્ટેટલેવલ એનવાર્યરમેન્ટ ઈમ્પેકટ અસેસમેન્ટ ઓથોરીટી ૮કભયબબ૯ દ્વારા ૨૦૦૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળવાળી રહેણાંક સોસાયટીઓમાં બાંધકામ પૂર્વે મંજુરી આપતી વખતે પર્યાવરણીય મંજુરી (એરવાર્યમેન્ટ કલીયરન્સ ) મેળવવાનું રહે છે અને પર્યાવરણની જાળવણી માટે સોસાયટીના ઓર્ગેનિક વેસ્ટનો ઓનસાઈટ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીનમાં વૈજ્ઞાનિક ઢબે કચરોનો નિકાલ કરવાનો રહે છે.

આ વ્યવસ્થા ઉભી કરવાના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે કુલ ૩૦ જેટલી આવી ૨૦૦૦૦ ચો.મી. થી મોટી સોસાયટીઓને તા.૨૩/૦૫/૧૭ના રોજ નોટીસ પાઠવી તાકીદે અમલ કરવા તાકીદ કરેલ તેના પરિણામે ઝોનમાં ૩૦ માંથી ૧૦ સોસાયટીઓએ ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન પ્રસ્થાપિત કરેલ પરંતુ બાકીની સોસાયટીઓમાં સમયાંતરે / વારંવાર નોટીસો આપી, મીટીંગોમાં સુચના/ સમજણ આપવા છતાં અમલ ન કરેલ સોસાયટીઓ પૈકી આજરોજ તા.૩૧/૦૩/૧૭ના રોજ નીચે જણાવેલ ૨૦૦૦૦ ચો.મી. થી મોટી ત્રણ રહેણાંક સોસાયટીઓમાં તેને આપવામાં આવેતો પાણી પુરવઠો અટકાવવામાં આવેલ છે / નળ કનેકશનનો કાપવામાં આવેલ છે / પાણીનો વાલ્વ બંધ કરવામાં આવેલ છે.

| અ.નં. | સોસાયટીની વિગત | પ્રમુખનું નામ | ડેવલપર /બિલ્ડરનું નામ | આપેલ નોટીસની વિગત |
|---|---|---|---|---|
| ૧. | સ્પ્રીગવેલી<br>ન્યુ સીટીલાઈટ રોડ, વૈશાલી સોસા.,ની બાજુમાં પુષ્પવાટીકા<br>હોલ પાસે | સોસાયટી હેન્ડલીંગ બિલ્ડર પાસે છે. | ડીએમડી સર્વિસ પ્રા.લી<br>શ્રી જશંવતભાઈ મનોજભાઈ મંદિરવાળા | તા.૨૮/૦૪/૧૬<br>તા.૧૧/૦૬/૧૬<br>તા.૧૪/૦૬/૧૬<br>તા.૦૨/૦૭/૧૬<br>તા.૨૦/૦૭/૧૬<br>તા.૨૭/૦૭/૧૬<br>તા.૧૯/૦૮/૧૬<br>તા.૦૭/૦૨/૧૭<br>તા.૨૧/૦૩/૧૭ |
| ૨. | લકઝરી શેરેટોન<br>વી.આઈ.પી. રોડ | શ્રી સોહમભાઈ | શ્રી ચંદુભાઈ જે. દારાટ | ઉપર મુજબ |
| ૩. | શ્યામ રચના<br>વી.આઈ.પી. રોડ | શ્રી નવીનભાઈ અગ્રવાલ | શ્રી રમેશભાઈ છગનભાઈ પટેલ | ઉપર મુજબ |

વધુમાં બાકી રહેતા આવી સોસાયટીઓમાં પણ ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન તાકીદે પ્રસ્થાપિત કરવાના રહેશે. અન્યથા પાણી પુરવઠો / ડ્રેનેજ કલેકશન બંધ કરવામાં આવશે. આવી ડ્રેનેજ કનેકશન / પાણી કનેકશન બંધ કરવાની કામગીરી આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવનાર છે.

વધુમાં તા.૩૦/૦૩/૧૭ અને તા.૩૧/૦૩/૧૭ના રોજ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન અંતર્ગત આવેલ (૧) પનાસ નહેર બી.આર.ટી.એસ રોડ, (૨) જી.ડી. ગોયન્કા કેનાલ રોડ (૩) વી.આઈ.પી. રોડ (૪) સોહમ સર્કલ થી અલથાણ બ્રિજ (૪) પાસપોર્ટ ઓફિસ (૫) યુનિકોન પ્લાઝા, વેસુ (૬) વી.આઈ.પી. રોડ (૭) માઈલ સ્ટોન એટલાન્ટા, વેસુ (૮) એટલાન્ટીક સ્કેવર, વેસુ (૯) ગોકુલ સોલીટેર, વેસુ (૧૦) ટી.પી. સ્કીમ નં. ૨, ફા.પ્લોટ નં. ૯૪, વેસુ (૧૧) સંગીની હાઉસ, વેસુ (૧૨) લીકા શો રૂમ, ઉધના–મગદલ્લા રોડ (૧૩) વેદાંતા,ઉધના–મગદલ્લા રોડ (૧૪) કીચન ગુરૂ, ઉધના–મગદલ્લા રોડ (૧૫) સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે, ઘોડ દોડ રોડ (૧૬) રામચોક થી રૂપાલી નહેરમાં સી એન્ડ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ રૂા. ૫૪,૦૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ છે. તેમજ સદર સી એન્ડ વેસ્ટનો લેવલીંગ માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

## પ્રે સ નો ટ

વિષય:- આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેર ની ઝુંબેશ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૨૯/૦૩/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ લારીઓ/સંસ્થાઓ ચેક કરી,આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા/લારી નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| ૧ | મહાવીર દાબેલી | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૨ | ઓમ સાંઈ પાન | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૩ | બોમ્બે ચાટ ભંડાર | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૪ | જગદીશ ફરાળી કોલેજીયન | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૫ | કાશીબા ડાઈનીંગ હોલ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૬ | આઈ શ્રી ખોડીયાર ટી સેન્ટર | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૭ | સિન્ડીકેટ સમોસા | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૮ | સુરતી ખમણ હાઉસ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૯ | ઓમ સાંઈ રસ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૧૦ | ઓમ સાંઈ જલેબી | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૧૧ | સીતારામ રેસ્ટોરેન્ટ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૧૨ | શ્રી ક્રિષ્ના બટેટા | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૧૩ | મહાદેવ ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |
| ૧૪ | બોમ્બે વિહાર વડાપાંઉ | કોહીનૂર રોડ, વરાછા, સુરત |

તેમજ આશરે ૨૦ કિલો અખાધ પદાર્થ જેવા કે ચટણી, સોસ, પાણી, બટાકા તથા બટાકાનો મસાલો, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. તથા કુલ-૧૪ નોટીસ આપવામાં આવેલ છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.........................
તા.૩૧/૦૩/૨૦૧૭ 1957

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" નિમિતે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાન નદી/તળાવ/ખાડી/કેનાલ પર મહાસફાઈ અભિયાન કરી જનજાગૃતિ માટે બેનરો સાથેની રેલીનું આયોજન કરી પેમ્પલેટ વહેંચવા માટેનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ, NGOની સંયુકત ટીમ બનાવી શહેર ઝોન વિસ્તારમાં આવેલ નદી/તળાવ/કિનારા અને કેનાલ/ખાડી કિનારા ઉપર મહાસફાઈ અભિયાન કર્યા બાદ ઝોન વિસ્તારમાં જનજાગૃતિ લાવવા માટેનાં બેનરો સાથેની રેલીઓ જાહેર માર્ગ ઉપર ફેરવવામાં આવી હતી. આ રેલી ધ્વારા સ્વચ્છતાની જાગૃતિ લાવવા અને દરેક ઘરોમાં ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીન રાખવા બાબતનાં પેમ્પલેટની વહેંચણી પણ કરવામાં આવેલ હતી.

| નદી/તળાવ/ઓવારા અને કેનાલ/ખાડી | સુપરવાઈઝર | સફાઈ કામદાર | નિકાલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૧૬ | ૬૭ | ૪૩૨ | ૧.૭૫૦ | ૭૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

માર્કેટ વિભાગ, નેચરપાર્ક-ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ

**વિષય: માર્કેટ વિભાગ, નેચરપાર્ક-ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૨૪/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોના તા.૨૪/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોના [illegible] ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી કેશ વેલ્યુ ટીકીટ પેટે રૂ.૧,૩૫,૭૭૨/- તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૮,૩૦૦/- ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી-ફળફળાદી ૧૧૫.૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૬.૪૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર-જવરમાં અડચણરૂપ ઢોરો નંગ-૧૩૨ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પેકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂ.૧,૨૪,૮૩૫/- ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મૂકવા બદલ ધી બોમ્બે પોલીસ એક્ટ -૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ – ૧૦ પોલીસ કેસ દાખલ કરી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એક્વેરિયમમાં ક્રમશઃ ૧૩,૮૮૫ અને ૫,૭૩૩ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂ.૧,૮૬,૦૩૦/- અને રૂ.૨,૨૯,૦૨૦/- રકમ મળી કુલ રકમ રૂ.૪,૧૫,૦૫૦/- મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

સમાચારયાદી નં. 1959,
તા.૩૧/૦૩/૨૦૧૭
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૯૬૦

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

<u>તા. ૩૧/03/'૧૭ ના રોજ યોજાયેલ સુરત મહાનગરપાલિકા "સ્વર્ણિમ જયંતી સમાપન ઉજવણી" કાર્યક્રમ.</u>

**<u>વિષય</u> :- તા.૩૧/03/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૧૧:30 કલાક દરમ્યાન ગાંધી સ્મૃતિભવન, નાનપુરા, સુરત ખાતે સુ.મ.પા. ની કલ્યાણકારી યોજનાઓનું પ્રેઝન્ટેશન, સેમીનાર અને નાટક વિગેરે કાર્યક્રમ બાબત.**

તા.૩૧/03/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૧૧:30 કલાક દરમ્યાન ગાંધી સ્મૃતિભવન, નાનપુરા, સુરત ખાતે સુ.મ.પા. ની કલ્યાણકારી યોજનાઓનું પ્રેઝન્ટેશન, સેમીનાર અને નાટક વિગેરે કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના મા.મેયર શ્રીમતિ અસ્મિતાબેન પી.શિરોયાના અધ્યક્ષ સ્થાને તેમજ ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, વિવિધ વિભાગના સમિતિના ચેરમેનશ્રીઓ અને મ્યુ. સદસ્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ સંપન કરી અને તેઓનું સ્વાગત કરવામાં આવેલ. ડો.ગાયત્રીબેન જરીવાલા (આસી.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા) આવકાર પ્રવચન આપતા જણાવ્યું હતું કે "છેવાડાના માનવીઓ, મહિલાઓ, યુવાનોના સમુચિત વિકાસ માટે સરકારશ્રી ધ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓનું અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે." યુસીડી વિભાગની દિન દયાલ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય આજીવિકા યોજના(DAY-NULM) અંતર્ગતના લોન, તાલીમ, સખીમંડળ, રાખી મેલા, નવરાત્રી મેલા, પિંક ઓટો પ્રોજેક્ટ વિગેરેની જાણકારી આપી હતી.

કાર્યક્રમના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન પી.શિરોયા (મા.મેયરશ્રી સુરત મહાનગરપાલિકા) પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા વિકાસ યાત્રામાં હરણફાળ ભરી રહ્યું છે. ગરીબોના ઉત્થાનને અગ્રતા આપી વિકાસલક્ષી કાર્યો કરી રહ્યું છે. સ્માર્ટ સીટી અંતર્ગત સંકલ્પ લેવા આહવાન કર્યું હતું. સમાજ કલ્યાણ અને આનંદપ્રમોદ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી રૂપલબેન શાહે પ્રાસંગિક ઉદબોધન કરી હાજર રહેલ તમામનો ઉત્સાહ વધારી, કામગીરીની ભારોભાર પ્રસંશા કરી હતી. યુસીડી વિભાગ ધ્વારા સુરત વિકાસ ગાથાની કવ્વાલી અને ગરબો રજુ કરવામાં આવેલ. બેટી બચાઓ-બેટી પઢાઓ ગીત અને સ્વર્ણિમ ગુજરાત ગીત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બાળાઓએ રજુ કરેલ. ભ્રુણ હત્યા અંગે નાટિકા રજુ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

યુસીડી વિભાગની વિવિધ યોજનાઓની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવેલ. દિન દયાલ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય આજીવિકા યોજના(DAY-NULM) અંતર્ગત સ્વસહાય જૂથ રચના તાલીમ કાર્યક્રમમાં જોડવા, સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત લોન અને સખી મંડળોની માહિતી આપવામાં આવેલ. બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના પ્રતિનિધિ હાજર રહી ૧૦૫ જેટલા લાભાર્થીઓના બેંક એકાઉન્ટ ખોલાવવામાં આવ્યા અને ૪૦ જેટલા એકાઉન્ટને આધારકાર્ડ સાથે લીંક કર્યાં હતા.


સુરત મહાનગરપાલિકાની
' સ્વર્ણિમ જયંતિ સમાપન '
ના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાની



# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી. સ્કીમમાં ૮૭૨૧ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં ૨૨૯૬ આવાસો મળી કુલ–૧૧૦૧૭ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા બાંધવામાં આવેલ ૧૧૦૧૭ આવાસો પૈકી એલ.આઈ.જી. સ્કીમના રાંદેર ઝોનમાં–૧૩૮૮, અઠવા ઝોનમાં–૪૯૩૪, કતારગામ ઝોનમાં–૧૫૭૫, લીંબાયત ઝોનમાં–૭૪૦ તથા વરાછા ઝોનમાં–૮૪ અને ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં રાંદેર ઝોનમાં–૩૦૦, અઠવા ઝોનમાં–૨૭૨, કતારગામ ઝોનમાં–૨૭૬, લીંબાયત ઝોનમાં–૭૦૪ તથા ઉધના ઝોનમાં–૭૪૪ આવાસો બાંધવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા તબક્કાવાર આજદિન સુધીમાં કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી એલ.આઈ.જી. સ્કીમમાં ૮૬૭૦ તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં ૨૨૯૬ મળી કુલ–૧૦૯૬૬ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે.

આજદિન સુધીમાં એલ.આઈ.જી. સ્કીમમાં ૬૨૯૫ લાભાર્થીઓ તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં ૧૯૭૧ લાભાર્થીઓ મળી કુલ–૮૨૬૬ લાભાર્થીઓ ધ્વારા આવાસની પુરેપુરી રકમ ભરપાઈ કરવામાં આવેલ છે તેમજ જુદી જુદી બેંકો ધ્વારા આજદિન સુધીમાં કુલ–૬૯૮૭ લાભાર્થીઓને લોન આપવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા નિર્મિત એલ.આઈ.જી. સ્કીમની કુલ ૩૦ સાઈટોના ૮૭૨૧ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમની કુલ ૭ સાઈટોના ૨૨૯૬ આવાસો મળી કુલ ૧૧૦૧૭ આવાસોનું લોકાર્પણ થઈ ગયેલ છે જે પૈકી એલ.આઈ.જી. સ્કીમના ૫૪૮૦ તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમના ૧૭૦૮ મળી કુલ–૭૧૮૮ લાભાર્થીઓના "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવી, એલ.આઈ.જી. સ્કીમના ૫૨૭૫ તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમના ૧૬૭૨ મળી કુલ–૬૯૪૭ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવેલ છે તેમજ તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭ દરમ્યાન રૂા.૩૩૬.૭૮ કરોડની કુલ વસુલાત થયેલ છે.

૧૯૬૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## વિષયઃ–સુરત મહાનગરપાલિકાની ૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના સમાપન બાબત.

સુરત મહાનગરપાલિકાના તા.૩૧/૦૩/૨૦૧૭ ના રોજ પુર્ણ થતા ૫૦ વર્ષની સ્વર્ણિમ જંયતિ ઉજવણી દરમ્યાન સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો જેવા કે જનસંપર્ક વિભાગ,આરોગ્ય વિભાગ,સાંસ્કૃતિક વિભાગ,યુ.સી.ડી.વિભાગ,હાઈડ્રોલિક વિભાગ ધ્વારા વિવિધ લક્ષી કામગીરી કરવામાં આવેલ

તા.૨૬/૦૩/૨૦૧૭ના રોજ રાજયના લોક લાડીલા માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ધ્વારા શહેરને રૂા.૨૦૧.૮૦ કરોડના પ્રોજેકટોની ભેટ ધરેલ હતી તથા તા.૨૭/૦૩/૨૦૧૭ના રોજ રાજયના નાયબ મુખ્યમંત્ર શ્રી નીતિનભાઈ પટેલ ધ્વારા રૂા.૧૬૧.૯૦ કરોડના પ્રોજેકટોની શહેરીજનોને ભેટ ધરેલ.

તા.૨૦/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ સુધી સુરત મહાનગરપાલિકાની કચેરીઓની સાફ–સફાઈ,ઔતિહાસિક સ્થળોની સાફ–સફાઈ તમામ પ્રતિમાઓની સાફ–સફાઈ,ટ્રાફિક આઈલેન્ડની સાફ–સફાઈ કરવામાં આવી.

તા.૨૬/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુરત મહાનગરપાલિકાની મિલ્કતો જેવી કે ઝોન ઓફિસ,સિવિક સેન્ટર,હેલ્થ સેન્ટરો,ફાયર સ્ટેશનો,વહીવટી ઓફિસો પર રોશની કરવામાં આવેલ.

સાંસ્કૃતિક વિભાગ ધ્વારા નાટય સ્પર્ધાના વિજય થયેલા નાટકો ફરી યોજવામાં આવેલ જેમાં તા.૨૭/૦૩/૨૦૧૭ના રોજ "દેવ દાસીની " ,તા.૨૮/૦૩/૨૦૧૭ ના રોજ નાટક "તા.૭મે,મંગળવાર", તા.૨૯/૦૩/૨૦૧૭ના રોજ નાટક "સરિતા" , તા.૩૦/૦૩/૨૦૧૭ના રોજ નાટક "કથા", તા.૩૧/૦૩/૨૦૧૭ના રોજ નાટક"અંજી" યોજવામાં આવેલ તથા હેરીટેજ વોકનો કાર્યક્રમ કરવામાં આવેલ આ હેરીટેજ વોક કતારગામ સ્થિત બ્રિટીશ સીમેન્ટ્રીથી શરૂ થઈને આર્મેનિયમ અને ડચ સીમેન્ટ્રી,ખુદાવંદખાનનો રોજો,ચિંતામણી જૈન દેરાસર, આઈ.પી.મિશન સ્કુલ,મુઘલસરાય,સી.એન.આઈ ચર્ચ ,એન્ડુઝ લાઈબ્રેરી અને સર જે.જે.સોરાબજી ટ્રેઈનીંગ કોલેજ સ્થળોને આવરી લઈને ચોક સ્થિત કિલ્લામાં પૂર્ણ થયેલ.સદર"હેરિટેજ વોક" નિમિતે "સુરત હેરિટેજ વોક" મોબાઈલ એપનું લોકાર્પણ કરવામાં આવેલ.તથા આ પ્રસંગે સુરતના ઐતિહાસિક વારસાની ૬૦ જેટલી પેનલો પ્રદર્શનનું આયોજન ચોક સ્થિત કિલ્લાનાં પ્રાંગણમાં કરવામાં આવેલ.

આરોગ્ય વિભાગ ધ્વારા તમામ ઝોનમાં ઓપરેશન હેલ્થ કેર તથા સફાઈના કાર્યક્રમો યોજવામાં આવ્યા જેવા કે પે એન્ડ યુઝના ટોયલેટની સાફ–સફાઈ,કચરાનો નિકાલ,જંતુનાશક દવાનો છંટકાવ,મેડીકલ કેમ્પ,બ્લડ ડોનેશન કેમ્પ,નેત્રદાન કેમ્પ જેવી કામગીરી કરવામાં આવી.વિશ્વ ક્ષય દિવસ નિમિતે વિવિધ લોક જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવ્યા વિશ્વ ક્ષય દિવસની કામગીરીની નોંધ વર્લ્ડ બેંક,કેન્દ્ર સરકાર,રાજય સરકારની વિવિધ ટીમો ધ્વારા લેવામાં આવી તથા આ બાબતે ઘણા એવોર્ડ મેળવ્યા

ટીબી નાં રોગ તથા સફાઈ બાબતે જનજાગૃતિ કેળવાઈ તે હેતુસર એક રેલી અઠવા ચોપાટીથી અઠવાગેટ થઈ ગાંધીસ્મૃતિ ભવન સુધી રેલીનું આયોજન કરવામાં આવેલ હતું

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શહેરીજનોના સહયોગથી શહેરમાં આવેલ વિવિધ ૦૮ ઓવારાઓ ખાતે તાપી શુધ્ધિકરણ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ઉજવણી દરમ્યાન બલ્ડ ડોનેશન કેમ્પ તથા નેત્રદાનના કાર્યક્રમ યોજવામાં આવેલ.

હાઈડ્રોલિક વિભાગ ધ્વારા વિવિધ ઝોનોમાં વિવિધ ઓવારાઓ પર તાપી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ સરદાર પટેલ સ્મૃતિ હોલ ખાતે શહેરી વિવિધ સંસ્થાઓ,નારી ઉન્નતિ મંડળોની કુલ ૧૧૦૦ થી વધારે મહિલાઓ ઉપસ્થિત રહી જળ દિવસની ઉજવણી કરી પાણી બચત થાય તે માટે સંકલ્પ લીધા

બી.આર.ટી.એસ. વિભાગ ધ્વારા સુરત રેલ્વે સ્ટેશન પાસે નવી ટિકીટ કલેકશનની વિન્ડો/કેબીન શરૂ કરવામાં આવી .

યુ.સી.ડી.વિભાગ ધ્વારા દિન દયાલ અંત્યોદય યોજના, રાષ્ટ્રીય આજીવિકા યોજના અંતર્ગત લોન,તાલીમ,સખી મંડળ,રાખી મેલા,નવારાત્રિ મેલા,પિંક ઓટો પ્રોજેકટ વિગેરેની જાણકારી શહેરીજનોને આપવામાં આવી."બેટી બચાવો બેટી પઢાવો "અભિયાન તથા ભ્રુણ હત્યા અંગેના કાર્યક્રમો નાટિકાઓ રજુ કરી તથા વિવિધ યોજનાઓની ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી તથા બેંક એકાઉન્ટ સાથે આધાર કાર્ડ લિંક કરવામાં આવ્યા

આ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા ધ્વારા "ચાલો આપણે જલાવીએ જયોત જયાં હજુ અંધારુ છે." પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું જેમા વિવિધ વિભાગો ધ્વારા અમલીકૃત શહેરી ગરીબ કુટુંબ/ વ્યકિતલક્ષી યોજનાની માહિતી જણાવવામાં આવેલ છે.

આજે મળેલ સ્થાયી સમિતિમાં નીચે મુજબના ઐતિહાસીક નિર્ણય લેવામાં આવેલ છે.

સુવર્ણ જયંતિ સમાપન સમારોહ અંતર્ગત તા.૨૧/૧૨/૨૦૧૬ સુધી જેમની આકારણી દફતરે નોંધાયેલ મિલકતો માટે અગાઉની નિતિ અનુસાર ખાસ કિસ્સા તરીકે આવા

ગેરકાયદેસર/ભૂતિયા નળ જોડાળોને કાયદેસર કરવાના ભાગરૂપે તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી આ સ્કીમનો લાભ મળશે.

તા.૨૪/૦૪/૨૦૧૫ની સામાન્ય સભામાં ડ્રેનેજ લાઈનના નવા કનેકશનની નવી નિતિ મંજુર કરવામાં આવેલ તથા છુટછાટ આપવામાં આવેલ.જેમાં આઈ.સી.ના નાણા બાબતે જે અગાઉ સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવેલ તેમા તમામ પ્રકારની છુટછાટો આપવામાં આવી છે તેનો લાભ લાભાન્વિતોને મળશે જે અંગે જરૂરી કાર્યવાહી જે તે ઝોન કક્ષાએથી કરવામાં આવનાર છે.

સ્વર્ણિમ જયંતિની પૂર્ણહૂતિ નિમિતે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ ધ્વારા શહેરીજનો નીચે જણાવેલ સંકલ્પ લેવા અપીલ કરેલ છે.

- ઉત્સવની જેમ વૃક્ષ વાવીએ બાળકની જેમ વૃક્ષ ઉછેરીએ.
- ભેળસેળ કરવી એ માત્ર કાનૂની નહિ,સામાજિક અપરાધ પણ છે.
- આ શહેર આપણું છે.,એની સૌંદર્યતા અને ભવ્યતાનું જતન કરીએ.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાના ભરવાપાત્ર વેરા નિયમિત અને સમયસર ભરીએ.
- અન્નનો બગાડ નહિ કરીએ.
- ભ્રુણ હત્યા અટકાવીએ.
- પાણીનો બગાડ અટકાવી આફતને અવસરમાં પલટો
- ગમે ત્યાં કચરો નાંખશો નહિ, આપણા નાગરિક ધર્મને લજાવશો નહિ
- સોલાર અપનાવો વિજળી બચાવો,દેશ બચાવો.
- હું પાણીનો બગાડ કરીશ નહિ અને તેનો સદ્ઉપયોગ કરીશ.
- આગ અને પ્રચાર કોલમાં જતા વાહનોને સહકાર આપો.
- શહેરને સ્વચ્છ રાખવામાં આપનો સહકાર આપો.
- આપના બાળકોની સુરક્ષા માટે રસીકરણનો અવશ્ય લાભ લો.
- પાણીનું જતન જીવનનું જતન

આ ઉજવણી દરમ્યાન સુરત મહાનરગપાલિકાને સાથ–સહકાર આપવા બદલ મ્યુ.સદસ્યશ્રીઓ,સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, પત્રકારશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનો તથા શહેરીજનો નો માન.મેયરશ્રી અસ્મિતાબને શિરોયા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને આભાર વ્યકત કર્યો